## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**આ પ્રસાદ નથી, સેનેટાઈઝર છે... આનાથી હાથ ધોયા બાદ જ મહાદેવને સ્પર્શ કરજે...!!**

# ગાંધીનગર શહેરમાં જાહેરમાં થુંકી ગંદકી કરનારા ૧૪ ઈસમો સામે દંડનીય કાર્યવાહી

### મનપા દ્વારા રૂ. ૪૭૫૦ દંડ વસુલવામાં આવ્યો : સીટી બસો અને એસ.ટી. બસોમાં પણ સ્વચ્છતા જાળવવા સંચાલકો અને ડેપો મેનેજરને ના. મ્યુનિ. કમિશ્નરે પત્ર લખ્યો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં જાહેરમાં થુંકવા માટે ૧૪ જેટલા ઈસમોને પકડી મનપા તંત્રએ દંડનીય કાર્યવાહી કરી છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રૂ. ૪૭૫૦નો દંડ આ વ્યક્તીઓ પાસેથી વસુલવામાં આવ્યો છે. આ કાર્યવાહી છેલ્લા બે દિવસ દરમ્યાન કરવામાં આવી હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

દરમ્યાન ગઈકાલે રાજ્યના મુખ્ય સચિવશ્રી આપેલ સૂચના મુજબ આવુ કૃત્ય કરનાર પાસેથી રૂ. ૫૦૦ સુધીનો દંડ વસુલવાનો રહેશે. તંત્રએ આ દિશામાં પણ મન મક્કમ બનાવી જાહેરમાં ગંદકી ફેલાવનાર સામે દંડનીય કાર્યવાહી કરવાનો નિર્ણય કર્યો છે.

જાહેરમાં થુંકી અને ગંદકી ફેલાવનારાઓ સામે તંત્ર દ્વારા આગામી દિવસોમાં કડક કાર્યવાહી કરવાની વ્યુહરચના પણ તૈયાર કરી દેવામાં આવી છે.

બીજી તરફ મનપાના નાયબ મ્યુનિ. કમિશ્નરશ્રીએ શહેરી બસ સેવાના સંચાલકોને અને એસ.ટી. ડેપોના મેનેજરને પણ અલ-અલગ પત્રો લખી બસોની સ્વચ્છતા જળવાય તેમજ તે ચોખ્ખી રહે તે સુનિશ્ચિત રીતે તપાસ કરવા અને જરૂરી પગલાં લેવા જણાવ્યું છે.

આ બન્ને સ્થાનો પર જાહેરમાં કોઈ ગંદકી ફેલાવે તો તેમની સામે દંડનીય કાર્યવાહી પણ હાથ ધરવાની કડક સૂચના આ પત્રમાં આપવામાં આવી છે.



## ખૂણેખાંચરેથી

- આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ. જયંતિ રવિએ કોરોનાને લઈ તંત્ર દ્વારા કરાયેલી તૈયારીઓની સાંજે વિડીયો કોન્ફરન્સ યોજી સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર શહેરમાં બપોરની ગરમીને પગલે ધીમી ગતિએ પંખાઓ ઓન થતા જોવા મળી રહ્યા છે.
- જિલ્લામાં વિકાસના કામોની સમીક્ષા માટે આજે જિલ્લા વિકાસ અધિકારીએ બેઠક બોલાવી હતી પરંતુ સમયના અભાવે બેઠક પુરી થઈ શકી ન હતી અને શનિવારે પુનઃ આ બેઠક યોજવાનો નિર્ણય કર્યો હતો.
- રાજ્યસભાની ચૂંટણીના ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરવામાં આવી ત્યારે જાણિતા ધારાશાસ્ત્રીઓ મોટી સંખ્યામાં વિધાનસભા સંકુલમાં આવ્યા હતા.
- રાજ્યસભાની ચૂંટણીને લઈ વધુ બે નિરીક્ષકો કોંગ્રેસના બી.કે. હરિપ્રસાદ અને રજની પાટીલ ગુજરાત આવી રહ્યા છે.
- નાયબ જિલ્લા વિકાસ અધિકારી જી.એસ. વદર બે સપ્તાહની રજા પર જતાં તેમની જગ્યાનો વધારાનો ચાર્જ ના.જિ.વિ.અ. સુશ્રી મનીષા પટેલને સોંપવામાં આવ્યો છે.
- કોરોના વાયરસને લઈ વિધાનસભા ગૃહની કાર્યવાહી નિહાળવા માટેની તમામ ગેલેરીઓ બંધ કરવાનો અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ નિર્ણય કર્યો છે. હવે વિધાનસભામાં કોઈ પ્રેક્ષકોને પ્રવેશ અપાશે નહિ.

# કોરોના વાઈરસના સંક્રમણથી ડરો નહી, સાવચેતી જરૂર રાખો

### શહેરના વિવિધ ક્ષેત્રના તબીબોનો નોવેલ કોરોના સંદર્ભે અભિપ્રાય

ગાંધીનગર, તા. ૧૬

*કોરોનાનો કહેર વિશ્વમાં ફેલાયો છે જેની અસર તળે ગુજરાતમાં પણ સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યાં છે. રાજ્યમાં શાળા-કોલેજોમાં રજાઓ જાહેર કરી દેવામાં આવી છે. આ સ્થિતિમાં પાટનગરના વિવિધ તબીબી પદ્ધતિના અગ્રણીઓનો શું મત છે તે જાણવા પ્રયાસ કરવામાં આવ્યો હતો.*



● ''આ વાત કરું છું ત્યારે નોવેલ કોરોના વાઈરસથી વિશ્વભરમાં ૧,૫૨,૪૨૮થી વધુ નાગરિકો રોગગ્રસ્ત બન્યાં છે એટલે ચિંતિત થવુ સ્વાભાવિક છે પરંતુ આ સાથે એ પણ યાદ રાખવુ જરૂરી છે કે ટીબીથી થતો સરેરાશ દૈનિક મૃત્યુઆંક ૩૦૧૪ જેટલો અને મેલેરિયાથી થતો સરેરાશ મૃત્યુઆંક ૨૦૦૨ જેટલો છે જેની સરખામણીએ હાલમાં કોરોનાથી થયેલા મૃત્યુનો દૈનિક સરેરાશ આંક ૫૬ જેટલો એટલે કે એક ટકાથી પણ ઓછો છે તેથી ડરવાનુ કોઈ કારણ નથી પરંતુ સતર્ક રહેવુ જરૂરી છે અને આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાયેલ ગાઈડલાઈનને અનુસરવુ જોઈએ.''

**- ડો. અનિલ ચૌહાણ,**
પ્રેસિડેન્ટ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન,
ગાંધીનગર



● ''યુનિસેફની ગાઈડલાઈન પ્રમાણે ૩૦ ડિગ્રી તાપમાને વાઈરસ નાશ પામે છે, વસંતઋતુમાં કફનો પ્રકોપ થતો હોય છે તેથી આ ઋતુમાં સામાન્યરીતે કફ થતો જ હોય છે. નાગરિકોએ અજમો, તુલસી, નીલગિરીના તેલની પોટલી બનાવી ખિસ્સામાં રાખવી જોઈએ અને દિવસમાં બે વખત નાસ લઈ ગાયનું ઘી નાકમાં લગાવવું જોઈએ. જેથી જેમની રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય તેમણે ગુડુચ્યાદિ પથ્યાદિ, દશમૂલ, ભારંગ યાદી વગેરે જેવા રોગ પ્રતિકારક શક્તિ વધારવા ઉકાળા પીવા જોઈએ. સંસમવટી બે બે ગોળી ૧૫ દિવસ સુધી સવાર-સાંજ જમ્યાં પહેલા લેવી. સૂર્યપ્રકાશમાં વધુ રહેવું તથા ઘરમાં ધૂપ કરવો અને સરકારે જાહેર કરેલા પગલાનું ગંભીરતાપૂર્વક આચરણ કરવું જોઈએ.''

**- વૈદ્ય રાકેશ ભટ્ટ,**
વૈદ્ય પંચકર્મ, સરકારી આયુર્વેદ
હોસ્પિટલ, સે. ૨૨



● ''હાલના સંજોગોમાં ફેલાયેલા કોરોના વાઈરસને પગલે ડરનો માહોલ વધી રહ્યો છે, આ પરિસ્થિતિમાં સાવચેતી ખૂબ જરૂરી છે કેમ કે હાથ મિલાવવાને બદલે નમસ્તે કરવુ, હાથ વારંવાર સેનીટાઈઝરથી સાફ કરવા, છીંક કે ઉધરસ ખાતી વખતે મોં પાસે રૂમાલ રાખવો અથવા માસ્ક પહેરવો, શરદી-ખાંસી તાવના લક્ષણો હોય તો તુરંત ડૉક્ટરનો સંપર્ક સાધવો અને હોમિયોપેથી દવા આર્સેનિકમ, આલ્બમ (છઈજી છન્મ-૩૦) ત્રણ દિવસ સુધી સવાર-સાંજ એમ બે વાર લેવી જોઈએ.''

**- ડો. વિજય જોગી,**
પ્રમુખ, હોમિયોપેથી એસોસિએશન,
ગાંધીનગર

# જિલ્લા પંચાયતમાં બાયો મેટ્રીક એટેન્ડન્સ પ્રથા સ્થગિત કરતા ડીડીઓ

### લોકજાગૃતિ અભિયાનમાં આરોગ્યતંત્રને સહયોગ આપવા તમામ શાખાધિકારીઓને સૂચના આપી અભિયાન સઘન બનાવવા પર ભાર મુકતા રાવલ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં બાયોમેટ્રીક પદ્ધતિથી હાજરી ભરવાના નિર્ણયને હાલ પુરતો સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જિલ્લા પંચાયત કર્મચારી મંડળે આ અંગે જિલ્લા વિકાસ અધિકારીને પત્ર લખી રજુઆત કરી હતી. આ પત્રના અનુસંધાને જિલ્લા આરોગ્યતંત્ર સાથે પરામર્શ બાદ અને રાજ્ય સરકારે જારી કરેલ એડવાઈઝરીને નજર સમક્ષ રાખી આજે આ નિર્ણયની જાહેરાત જિલ્લા વિકાસ અધિકારીએ શાખાધિકારીઓની કોરોના અંગે બોલાવેલી બેઠકમાં કરી હતી.

તેમણે આ સંદર્ભે તમામ શાખાઓને સતર્ક અને સુયોગ્ય સંકલન જાળવવા જણાવ્યુ હતુ. તેમણે કહ્યુ કે શાળા-આંગણવાડી કેન્દ્રો બંધ રહે તે જોવા પણ ખાસ સૂચના આપી હતી.

જિલ્લામાં બીજા તબક્કાની ગ્રામસભાઓ જે ૧૦મી માર્ચથી શરૂ થઈ છે તે પણ ૩૧ માર્ચ સુધી સ્થગિત કરવામાં આવે છે તેવી જાહેરાત કરી અધિકારીઓને સરકારના નિર્ણયથી વાકેફ કર્યા હતા.

તેમણે ઓફિસોમાં સ્વચ્છતા જળવાય એટલુ જ નહિ આ માટે જરૂરી તમામ પગલાં લેવા પણ કડક તાકીદ કરી હતી.

આરોગ્ય વિભાગના કર્મયોગીઓને હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ કરવા તેમજ આર.બી.એસ.કે. ડોકટરો, આશાવર્કરો, હેલ્થવર્કરો દ્વારા સઘન જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવે તેવી સૂચનાઓ આપી હતી.

આ બેઠકમાં તોલમાપના અધિકારીઓ અને ઔષધ નિયમન તંત્રના અધિકારીઓને પણ ક્યાંય માસ્ક કે સેનીટાઈઝર જેવી વસ્તુના કાળા બજાર ના થાય તે માટે સતત તકેદારી રાખવા જણાવ્યુ હતુ.

# મહીલા સશકિતકરણ અન્વયે પેન્શરોની અપરણિત પુત્રીઓને પેન્શનનો લાભ આપો

કેન્દ્ર સરકારના પેન્શનરોના અવસાન બાદ પેન્શનરોના પર આશ્રિત સંતાનોને ઉંમરના બાદ વગર નિયમુનસાર આજીવન કુંટુબ પેન્શન આપવાની જોગવાઈ છે. પરંતુ ગુજરાતમાં આ મુજબ લાભાર્થીઓને કોઈ લાભ મળતો નથી. લાઠી બાબરાના ધારાસભ્યએ મુખ્યમંત્રીને રજુઆતમાં જણાંવ્યા અનુસાર ચાલુ વર્ષના બજેટમાં જે મહીલા સશક્તિકરણની યોજનાઓ માટે જેન્ડર બજેટ રજુ કર્યુ છે. તેમાં પેન્શરોની અપરિણિત પુત્રી માટેની યોજનાના અભાવે આ પ્રકારની અપરિણિત પુત્રીને મળી શકતો નથી. આ મામલે સત્વરે નિર્ણય લેવા પ્રબળ માંગ પણ કરવામાં આવી છે. પેન્શરો એવા પતિ પત્નીના અવસાન બાદ તેમના પર આધારિત ૨૫ વર્ષથી અપરિણિત પુત્રીને આજીવન કુંટુંબ પેન્શનનો લાભ મળી શકે તે માટેની કોઈ જોગવાઈ નહીં હોવાથી દયાજનક સ્થિતિમાં મુકાવવુ પડે છે. કેન્દ્ર સરકારના પેન્શરોની અપરિણિત પુત્રીને ઉંમરના બાદ વગર નિયમ મુજબ આજીવન કુંટુબ પેન્શન આપવાની જોગવાઈ છે. ગુજરાતમાં આ યોજનાનો અમલ થતો નથી જેના લીધે આર્થિક આવકના અભાવે અપરિણિત પુત્રીનુ જીવન દોજખ બની જાય છે. સરકાર દ્વારા તાજેતરમાં રજુ કરાયેલા બજેટમાં મહીલા સશકિતકરણની ૮૩૩ યોજના સાથે રૂ ૭૮,૪૧૮ કરોડનુ જેન્ડર બજેટ રજુ કર્યુ છે.

# પરપ્રાંતિય વિદ્યાર્થીઓનો ઘરવાપસી માટે ધસારો, ટેક્સી-ઓટો ડ્રાઈવરોને તડાકો..!!

### નોવેલ કોરોના વાઈરસને પગલે સરકારે શાળા-કોલેજોમાં રજાઓ જાહેર કરી દેતા પાટનગરની યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ઘરની વાટ પકડી : ઓનલાઈન ટેક્સી-ઓટો બુકિંગમાં પણ વેઈટીંગ જોવા મળ્યું : બહાર ગેટ પર આવીને વિદ્યાર્થીઓએ ટેક્સી-ઓટો જે મળ્યું તેને બુક કરી લીધુ

ગાંધીનગર, તા. ૧૬



''ગુજરાતમાં સબ સલામત હૈ''માં રાચતી સરકારે અચાનક રવિવારના દિવસે નિર્ણય લીધો કે સોમવારથી રાજ્યભરમાં શાળા-કોલેજો-શોપીંગ મોલ-સિનેમાગૃહ વગેરે તા. ૨૯મી માર્ચ સુધી બંધ રહેશે અને આ દરમ્યાન ધાર્મિક કે સામાજિક સહિતના કોઈપણ મેળાવડા, સમારંભો કે સેમિનાર યોજવા પર મનાઈ ફરમાવી દેવામાં આવી છે. ગાંધીનગર એ રાજ્યના પાટનગર હોવા સાથે શૈક્ષણિક હબ પણ છે અને એકલા પાટનગરમાં જ ૧૯ જેટલી યુનિવર્સિટીઓ કાર્યરત છે જેમાં દેશભરમાંથી વિદ્યાર્થીઓ આવી અભ્યાસ કરી રહ્યાં છે. સરકાર દ્વારા શાળા-કોલેજોને બંધ રાખવાની જાહેરાત થતાં જ આજે ગાંધીનગર બહારથી રાજ્યના અન્ય શહેરો તેમજ અન્ય રાજ્યોમાંથી અભ્યાસ અર્થે આવેલા અને હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓએ ઘરની વાટ પકડી હતી જેના કારણે આજે શહેરમાં ટેક્સી-કેબ તથા ઓટો રીક્ષા વગેરે ચલાવતા વાહન ચાલકોને તડાકો પડી જવા પામ્યો હતો તેમજ ઓનલાઈન ટેક્સી-ઓટો જેવી કે ઉબેર, ઓલા વગેરેને પણ મોટા પ્રમાણમાં કાલુપુર રેલવેસ્ટેશન કે ગીતા મંદિર એસટી બસ સ્ટેન્ડ સહિત એરપોર્ટની પણ વર્ધીઓ મોટા પ્રમાણમાં મળી હતી.

શહેરમાં પીડીપીયુ, ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યુટ, આઈઆઈટી, આઈઆઈપીએચ, નાઈપર કે આઈસીઈવીએચ જેવી સંસ્થાઓમાં પર પ્રાંતિય વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં અભ્યાસ કરે છે. છેલ્લાં કેટલાક દિવસથી વિશ્વભરમાં પ્રસરેલા કોરોના વાઈરસના ભયને પગલે દરેક પરિવારને પોતાના ઘરના સભ્યો જે અન્ય રાજ્ય કે અન્ય દેશમાં અભ્યાસ કે નોકરી-વ્યવસાય સાથે રહેતા હોય તેમના સ્વાસ્થ્ય અંગે ચિંતા થવી સ્વાભાવિક છે. આ મુજબ જ ગાંધીનગરની યુનિવર્સિટીઓમાં ભણતા પરપ્રાંતિય વિદ્યાર્થીઓની સંખ્યા મોટી છે અને તેમના પરિવારો ચિંતિત હતા. જોકે રાજ્ય સરકારે શાળા-કોલેજોમાં રજાઓ જાહેર કરી દેતા આ સંતાનોને જલ્દી ઘરે પરત આવી જવા પરિવારની અપેક્ષા હોવાથી આ વિદ્યાર્થીઓએ હોસ્ટેલ છોડી વતનની વાટ પકડી હતી.

પીડીપીયુ, ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યુટ, નાઈપર, આઈઆઈટી કે આઈસીઈવીએચ જેવી સંસ્થાઓના વિદ્યાર્થીઓએ કોલેજ કેમ્પસથી એરપોર્ટ, રેલવેસ્ટેશન કે રાજ્યના અન્ય ભાગના વિદ્યાર્થીઓએ બસ પકડવા ગીતામંદિર એસટી ડેપો જવા ઓનલાઈન ટેક્સી બુકિંગ પર ધસારો કર્યો હતો. શંકર નામના એક રીક્ષાચાલકે જણાવ્યું હતું કે ઓલા-ઉબેર જેવી સાઈટ પરથી બુકિંગની રાહ જોયા વગર મેં પીડીપીયુ કેમ્પસ જઈને ઉભા રહેવાનુ મુનાસિબ માન્યું જેના પગલે મને અમદાવાદની સારી વર્ધીઓ મળી હતી. મહેશભાઈ નામના ટેક્સી ડ્રાઈવરે જણાવ્યુ હતુ કે 'ગઈકાલ રાતથી જ એરપોર્ટ તથા રેલવે સ્ટેશનની ઉપરાછાપરી વર્ધીઓ મળી હતી. એક વર્ધીમાં પેસેન્જર્સને પીકઅપ કરવા ગયો ત્યારે જ વિદ્યાર્થીઓના જુદા જુદા ગૃપે મારી ટેક્સીની સળંગ વર્ધી બુક કરી દીધી હતી જેના પગલે મને આખા દિવસનું કામ એક સાથે મળી ગયુ હતુ.

આજે ગાંધીનગર-અમદાવાદ વચ્ચે ટેક્સી સેવા આપતા ટેક્સીચાલકોએ તેમજ ઓટોરીક્ષાવાળાઓએ આવી યુનિવર્સિટીના કેમ્પસની આસપાસ જ રહેવાનું મુનાસિબ માન્યુ હતુ. જેથી જે વિદ્યાર્થીઓને ઓનલાઈન બુકિંગમાં ટેક્સી કે ઓટોની અવેર્સબીલીટીમાં વધુ સમય જણાયો હતો તેમણે ગેટની બહાર આવી ઓફલાઈન ટેક્સી ઓટો ભાડે કરી લેવાનો વિકલ્પ અપનાવ્યો હતો. વળી આજ વિદ્યાર્થીઓએ તેમના બીજા મિત્ર ગૃપનું બુકિંગ પણ અપાવ્યુ હતુ.


આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ગુજરાત સરકાર

## સ્વસ્થ વ્યક્તિએ સામાન્ય રીતે માસ્ક પહેરવું જરૂરી નથી



**કોરોના વાયરસના સંક્રમણથી બચવા માસ્ક પહેરવું ક્યારે આવશ્યક છે ?**

- સ્વસ્થ વ્યક્તિએ સામાન્ય રીતે માસ્ક પહેરવું જરૂરી નથી. જોકે કોરોના વાયરસના લક્ષણો ધરાવતા વ્યક્તિની સાર સંભાળ કરતા સ્વસ્થ વ્યક્તિએ માસ્ક પહેરવું આવશ્યક છે.
- જો આપ શરદી ખાંસીથી પીડાઓ છો તો અવશ્ય માસ્ક પહેરો.
- સાબુ કે સેનેટાઈઝરથી હાથ બરાબર સાફ કર્યા બાદ આપના ચહેરા અને માસ્ક વચ્ચે જગ્યા ન રહે તેમ ચુસ્ત રીતે માસ્ક પહેરો.
- એક વખત ઉપયોગ કરેલો માસ્ક ફરીથી ઉપયોગમાં ન લેતાં પહેરેલા માસ્ક ને બાયોમેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ ના નિયમો મુજબ પીળા રંગના કન્ટેનર માં નાશ કરવાનો રહેશે.

**કોરોના વાયરસ અંગે વધુ માહિતી માટે ૧૦૪ પર કોલ કરો.**
**24 x 7 કન્ટ્રોલ રૂમ – ૦૭૯ ૨૩૨ ૫૦૮૧૮ અને ૦૭૯ ૨૩૨ ૫૧૯૦૦.**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા જનહિતમાં પ્રસારિત

www.creativeline.co.in